# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૩/૧૯-૨૦/ ૮૨૭૧–k** **તા.૧૭–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૨/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **યુવરાજ સુખાભાઈ ડવ** ગામ: **ઉમરાળી**
રજૂઆત કરનાર: **અરજદાર યુવરાજ સુખાભાઈ ડવ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જસદણ**
રજૂઆત કરનાર: ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર શ્રી **એ.ડી.સૈયદ** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **જસદણ અને તેમની સાથે જુનીયર** ઈજનેર ડી.એ.ફતેપરા **પીજીવીસીએલ પેટા** વિભાગીય કચેરી **સરધાર**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર યુવરાજ સુખાભાઈ ડવ ગામ -ઉમરાળી, તેઓની અરજીના નોંધણી નં: ૧૨/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓએ યુવરાજ સુખાભાઈ ડવ ના નામે રાજકોટ ભાવનગર સ્ટેટ હાઈવે – ગામઃ ઉમરાળી – સરધાર પેટા વિભાગીય કચેરી હેઠળ નવુ વીજજોડાણ મેળવવા માટે ની અરજી એસ.આર.નં.–૧૧૯૨૪૫૩૦ થી નોંધણી કરાવેલ – જે અન્વયે – ભાવપત્રક અપાયેલ હતુ. તે ભાવપત્રક ની રકમ રૂ.૧૮,૨૯૫ /– રસીદ નંબરઃ VB202520-21 તા.૨૦–૦૫–૧૯ થી ભરપાઈ કરી આપેલ છે. ત્યારબાદ, પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર તા.૨૩–૦૭–૧૯ થી જણાવેલ કે – વીજજોડાણ ની જગ્યામાં અન્ય –વાંધો લેનાર જેઠાભાઈ હરીભાઈ પરમારના જણાવ્યા મુજબ – તેઓની માલીકી ની જગ્યામાં સદર અરજદાર દ્વારા ગેરકાયદેસર દબાણ કરી નવુ વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરેલ છે. જે અન્વયે – અરજદાર શ્રી દ્વારા તેઓને ફાળવેલ જગ્યાની કબ્જા સોપણી સમયે –

વર્તુળ કચેરી શ્રી રાજકોટ તાલુકા દ્વારા તા.૩૦–૦૮–૧૮ ના રોજ કરાયેલ પંચ રોજકામ મુજબ – સર્વે નંબરઃ ૫૪ પૈકી ખરાબાની જમીન બાદ – રાજકોટ ભાવનગર સ્ટેટ હાઈવે – તેવુ નોંધેલ છે. આમ, તેઓએ કોઈ ગેરકાયદેસર દબાણ કરેલ ન હોય – તેમજ વાંધો લેનાર શ્રી – જેઠાભાઈ હરીભાઈ ની અરજી ના અનુસંધાને વિલંબ કરાયેલ છે, તેમજ ગામતળ બહાર ના પરીપત્ર ની શરતો લાગુ પડતી ન હોય – ભાવપત્રક ફીકસ ચાર્જ મુજબ આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૨.૧ ફોરમ કમિટી ની મીટીંગ તા.૦૪–૧૨–૧૯ દરમ્યાન – અરજદાર દ્વારા રજુ કરેલ તેઓની લેખીત રજુઆત મુજબ – (૧) ઉમરાળી ગામમાં સરકારી જગ્યામાં વીજજોડાણ આપવા માટે – ઉમરાળી ગ્રામપંચાયત તલાટી / કમ મંત્રીની એન.ઓ.સી.
(૨) ''માં ધરતી હોટલના નામની વેરા પહોચ ''
(૩) રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર નોટરાઈઝ બોન્ડ – જેવા પુરાવા રજુ કરેલ હોય – જે ધ્યાને લઈને વીજજોડાણ આપવા વિનંતી કરેલ છે. તેમજ તા.૧૯–૧૦–૧૯ ના ચેકીંગ અન્વયે રૂ.૧,૫૦,૮૨૭/૩૧ નુ પુરવણીબીલ પાઠવવામા આવેલ છે, તેની સામે અરજદારે સપ્લાય કોડ ની કલમ ૭.૪૦(૧) મુજબ રીવાઇઝ કરી આપવા – પેટા વિભાગીય કચેરી ને લેખીત મા રજુઆત આપેલ છે. જે રીવાઇઝ બીલ મળ્યે થી ભરપાઈ કરી આપશે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- "માં ધરતી હોટલ" - રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઇવે- મુ.પો- ઉમરાળી- તા-સરધાર જી- રાજકોટ- ખાતે – અરજદારશ્રી યુવરાજ સુખાભાઇ ડવ ને નવુ વીજજોડાણ ન મળતા CGRF માં તારીખ ૧૫/૧૦/૨૦૧૯ ના રોજ રજૂઆત કરેલ છે.

૩.૧ ઉપરોક્ત બાબતે અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ દ્વારા રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઇવે- મુ.પો. ઉમરાળી - તા.જી: રાજકોટ સ્થિત " માં ધરતી હોટેલ" માં નવા વીજ જોડાણ માટેની અરજી સરધાર પેટા વિભાગીય કચેરીએ કરવામાં આવેલ છે જે SRNo: ૧૧૯૨૪૫૩૦ દ્વારા રજિસ્ટર્ડ થયેલ છે. જે અન્વયે અરજદારને પત્ર નં : ડી.ઇ /સરધાર/૩૫૭૬ તા. ૧૬/૦૫/૨૦૧૯ દ્વારા રૂ. ૧૮-૨૯૮.૦૦ નું અંદાજપત્ર આપવામાં આવેલ છે જે અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ દ્વારા રશીદ નં :VB ૨૦૫૨૨૦-૨૧- તા.૨૦/૦૫/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે.

૩.૨ અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ દ્વારા નવા વીજ જોડાણ માટેના લાઇનકામની કામગીરી શરૂ કરતાની સાથે જ ઉમરાળી ગામના રહીશ **શ્રી જેઠાભાઇ હરિભાઇ પરમાર** દ્વારા સદર જગ્યામાં કનેક્શન આપવા બાબતે **તારીખ-૦૭/૦૬/૨૦૧૯** થી વાંધા અરજી આપવામાં આવેલ છે. તે મુજબ અરજદાર દ્વારા તેમની માલીકીની જમીન રે.સર્વે નંબર"૫૪" માં ગેરકાયદેસર રીતે દબાણ કરી "માં ધરતી" હોટલ બનાવેલ છે અને ગેરકાયદેસર દબાણ કરીને જમીનનો કબ્જો જમાવવા પ્રયત્ન કરેલ છે. આથી સદર વાંધા અરજી ના અનુસંધાને નવા વીજ જોડાણની કામગીરી અટકાવી દેવામાં આવેલ હતી.

૩.૩ પેરા નં – ૩.૨ મુજબ - ઉમરાળી ગામના તલાટી કમ મંત્રીશ્રીઅને અરજદારશ્રી ને અનુક્રમે પત્ર નંબર SDO/SDR/Tech/ ૪૯૭૭-તારીખ-૦૭/૦૬/૨૦૧૯ અને પત્ર નંબર SDO/SDR/Tech/૪૯૭૮- તારીખ ૦૭/૦૬/૨૦૧૯ દ્વારા રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઇવે ઉપર આવેલ "માં-ધરતી" હોટલ ની જગ્યાની ખરાઈ કરી માલિકી હક અંગે અભિપ્રાય આપવા બાબત તથા "માં ધરતી" હોટલ ની જગ્યાની માલિકી હક ના આધાર પુરાવા રજૂ કરવા બાબતનો પત્ર સરધાર પેટા વિભાગીય કચેરી દ્વારા લખવામાં આવેલ છે.

૩.૪ ત્યારબાદ અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ દ્વારા તા. ૦૧/૦૭/૨૦૧૯ના રોજ કાર્યપાલક ઇજનેર- જસદણ ને સંબોધીને વહેલા લાઇટ કનેક્શન મળવા બાબતનો પત્ર લખવામાં આવેલ હતો જેનો પ્રત્યુત્તરમાં SDO/SDR/Tech/૬૫૪૦ તારીખ-૨૩/૦૭/૨૦૧૯ થી સરધાર પેટા વિભાગીય કચેરી દ્વારા પાઠવવામા આવેલ છે. સાથોસાથ અરજદારને જગ્યાની માલિકી બાબતના આધાર પુરાવા રજૂ કરવા માટે જણાવેલ છે. વધુ તલાટી કમ મંત્રી દ્વારા સમય મર્યાદામાં જગ્યાની ખરાઈ કરી માલિકી હક અંગે અભિપ્રાય ન આપતા તેમને ફરીથી પત્ર નંબર SDO/SDR/Tech/ ૬૫૪૪-તારીખ-૨૩/૦૭/૨૦૧૯ દ્વારા સ્મૃતિપત્ર -૧ પાઠવવામા આવેલ છે. પરંતુ તેમના દ્વારા આજ દિન સુધી સવાલવળી જગ્યાનુ સ્થાનિક પંચરોજકામ કરી જગ્યાની માલિકી અંગેનો અભિપ્રાય આપવામાં આવેલ નથી.

૩.૫ ત્યારબાદ અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ દ્વારા સરધાર પેટા વિભાગીય કચેરીએ પત્ર ઇનવર્ડ નં : ૩૦૭૩-તારીખ-૧૩/૦૯/૨૦૧૯ ના રોજ તારીખ૩૦/૦૮/૨૦૧૮ ના રોજનું સર્કલ ઓફિસર- રાજકોટ કરવામાં આવેલ **શ્રી જેઠાભાઇ હરિભાઇ પરમાર ને સાથનીમાં સોપાયેલ સર્વે નંબર - ૫૪ પૈકી ૧ ની** જગ્યા સોપણીનું સ્થળ રોજકામ રજૂ કરવામાં આવેલ હતું. જેમાં દર્શાવ્યા મુજબ ઉત્તર દિશાએ લાગુ સર્વે નંબર૫૪ પૈકી-ખરાબાની જમીન બાદ- રાજકોટ-ભાવનગર હાઇવે હોવાનું દર્શાવેલ છે. જે અનુસંધાને સરધાર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર SDO/SDR/Tech/૮૧૦૬-તારીખ- ૧૪/૦૮/૨૦૧૯ દ્વારા વાંધો લેનાર અરજદાર શ્રી જેઠાભાઇ હરિભાઇ પરમારને એ બાબતની જાણ કરવામાં આવેલ હતી અને સદર જગ્યા બાબતે તેમણે વાંધો હોય તો આપશ્રી ડીએલઆર કચેરીમાથી માપણી કરાવી- આપની જમીનમાં દડી મરાવી સરધાર પેટા વિભાગીય કચેરીને અરજી કરવી ત્યારબાદ જમીનની માપણીશીટ મળ્યા બાદ આગળની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવામાં આવશે.

૩.૬ ઉપરોક્ત પેરા નં –૩.૫ મુજબ વાંધો લેનાર અરજદાર શ્રી જેઠાભાઇ હરિભાઇ પરમાર દ્વારા સરધાર પેટા વિભાગીય કચેરીના ઓફિસ **ઇનવર્ડ નંબર-૩૧૯૧-તારીખ ૨૭/૦૯/૨૦૧૯**દ્વારા દ્વિતીય વાંધા અરજી કરવામાં આવેલ હતી. જેમાં તેમના દ્વારા તલાટી મંત્રી દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય-વેરા પહોચ બાબતે ગંભીર આક્ષેપો કરવામાં આવેલ હતા. અને સદર વીજ કનેક્શન ના આપવા બાબતે માંગ કરવામાં આવેલ હતી અન્યથા વડી કચેરી રાજકોટ સમક્ષ આમરણાંત ઉપવાસ પર બેસવાની ધમકી પણ આપેલ હતી. ત્યારબાદ સરધાર પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ ને પત્ર નંબર SDO/SDR/Tech/૮૪૧૦- તારીખ ૩૦/૦૯/૨૦૧૯ દ્વારા ઉમરાળી ગ્રામ પંચાયત /તલાટિ કમ મંત્રી સાથે ભેગા રાખી સદર સવાલવાળી જગ્યાનુ સંયુક્ત પંચરોજકામ કરાવી ખરેખર "માં ધરતી" હોટલ ક્યાં આવેલ છે એ બાબતનો અભિપ્રાય સરધાર પેટા વિભાગીય કચેરીએ દિવસ -૧૦ માં રજૂ કરવા માટે જાણ કરવામાં આવેલ છે. વધુ ઉમરાળી ગામના તલાટિ કમ મંત્રી સાહેબને પણ સ્મૃતિપત્ર-૨ નંબર SDO/SDR/Tech/૮૪૦૯ તારીખ ૩૦/૦૯/૨૦૧૯ દ્વારા **રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઇવે ઉપર આવેલ "માં ધરતી" હોટલ ની જગ્યાની ખરાઈ કરી માલિકી હક અંગે તેમજ ખરેખર "માં ધરતી" હોટલ સરકારી ખરાબાં (ટાવર્સ ) માં આવેલ છે કે પછી રે.સર્વે નં"૫૪ પૈકી ૧/ પૈકી ૧" માં આવેલ છે તે બાબતનો આપનો સ્પષ્ટ અભિપ્રાય પંચરોજકામ કરી** દિવસ-૭ માં આપવા માટે જણાવેલ છે. જેની નકલ શ્રી તાલુકા વિકાશ અધિકારી- રાજકોટ ગ્રામ્ય-શ્રી મામલતદાર સાહેબ- રાજકોટ ગ્રામ્ય-શ્રી જિલ્લા વિકાશ અધિકારી-રાજકોટ ને પણ આપવામાં આવેલ છે. વાંધા અરજી આપનાર શ્રી જેઠાભાઇ હરિભાઇ પરમાર ને પણ પત્ર નંબર SDO/SDR/Tech/૮૪૦૮-તારીખ- ૩૦/૦૯/૨૦૧૯ સરધાર પેટા વિભાગીય કચેરી દ્વારા તેમની માલીકીની જમીન સર્વે નંબર "૫૪ પૈકી ૧/પૈકી ૧" ની ડી.એલ.આર. કચેરી રાજકોટ દ્વારા જમીનની માપણી કરવી- દડી મરાવી દિવસ ૧૫ માં જમીનની માપણી શીટ રજૂ કરવા માટે સૂચિત કરવામાં આવેલ છે.

૩.૭ અરજદાર દ્વારા નવા વીજ કનેક્શનની માંગણી વાળી જગ્યા "માંધરતી" હોટલ નું તારીખ ૧૯/૧૦/૨૦૧૯ ના રોજ વીસીઆર ફરિયાદ નંબર :૩૫૫૮ ના અનુસંધાને રાજકોટ વિજિલન્સ ટિમો દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતું. જેમાં અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ દ્વારા પોતાની હોટેલની પાછળના ભાગમાં આવેલ ખેતીવાડી ટી.સી સેન્ટર-લોકેશન કોડ: FC/07/42/SSD/HOD/UMR/૧૫૪૫૨ થી બિનઘિકૃતરીતે ડાયરેક્ટ લંગર વાયર લગાવી વીજચોરી કરતાં રંગેહાથ પકડાયેલ હતા. જેના અનુસંધાને સ્થળ પર ચેકિંગશીટ નંબર આરઆરસી ૪૨૦૬૯૯ તૈયાર કરવામાં આવેલ હતી અને વીજઅધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.ચેકિંગ સમયે સ્થળ પર ૧.૮૬૦ કિ.વોટ્ટ વિજભાર જોડાયેલ હતો. જે સંદર્ભે અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવને પુરવણી બિલ રૂ. ૧૫૦૮૨૭.૩૧ + કમ્પાઉંડિંગ ચાર્જ રૂ. ૨૦૦૦ એમ કુલ રૂ.૧૫૨૮૨૭.૩૧ નું વીજચોરીનું પુરવણી બિલ આપવામાં આવેલ છે. આમ-અરજદાર ને વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ આપવામાં આવેલ રૂ.૧૫૨૮૨૭.૩૧ નું વીજચોરીના બિલ ની રકમ ભરપાઈ કરશે તેમજ અરજદાર ની કનેક્શન વાળી જગ્યા વાંધામાં હોય જેના લીધે વીજ કનેક્શન આપવા માટેની કામગીરી અટકાવવામાં આવેલ છે જે વાંધા વળી જગ્યાનું નિરાકરણ થશે ત્યારબાદ વીજ જોડાણ આપવાની કાર્યવાહી કંપનીના નિયમો અનુસાર કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી યુવરાજભાઈ સુખાભાઇ ડવ દ્વારા રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઇવે- મુ.પો. ઉમરાળી - તા.જીઃ રાજકોટ સ્થિત " માં ધરતી હોટેલ" માં નવા વીજ જોડાણ માટેની અરજી સરધાર પેટા વિભાગીય કચેરીએ કરવામાં આવેલ છે જે SRNo: ૧૧૯૨૪૫૩૦ દ્વારા રજિસ્ટર્ડ થયેલ છે. જે અન્વયે નિયત ભાવપત્રકની રકમ તા.૨૦/૦૫/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે. પરંતુ, અરજદારની સદર વીજજોડાણની માંગણી મુજબ ની જગ્યામાં તારીખ ૧૯/૧૦/૨૦૧૯ ના રોજ વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ જે અન્વયે અરજદારને વીજઅધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ રૂ.૧૫૨૮૨૭.૩૧ નું વીજચોરીનું પુરવણી બિલ આપવામાં આવેલ છે.

૪.૨ ઉપરોક્ત પેરા નં -૪.૧ મુજબ નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નંઃ ૦૨/૨૦૧૯ નાં મુદા નંઃ ૨.૩૩–(૨) માં કરાયેલ જોગવાઈ મુજબ ''વીજ ધારા–૨૦૦૩ની કલમ–૧૩૫ હેઠળ થયેલ કાર્યવાહી અન્વયે પીજીવીસીએલ તરફથી પાવરચોરી આનુષંગિક અપાયેલ પૂરવણી બીલ સબબના કેસના નિકાલની કામગીરી અત્રેના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સતા ક્ષેત્ર બહાર હોય'' અરજદારની સદર ફરીયાદ દફતરે કરવી.

૪.૩ ઉપરોક્ત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯